ESSAR
OIL

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: AASPAS (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 02-05-2018
**PAGE NO.** 06
**TOTAL SQ. CM.** 175
**TITLE:** ***Essar Oil Limited joins hands with the Indian Navy for the Outreach Program***

# એસ્સાર ઓઇલ લિ. મુંબઇમાં ભારતીય નૌસેના સાથે આઉટ રીચ કાર્યક્રમમાં સહભાગીદાર બનશે

## મુંબઇથી લેહ જઇ રહેલી કાર રેલીને નૌસેના તથા એસ્સાર ઓઇલ લિ.ના અધિકારીઓ પ્રસ્થાન કરાવશે

આસપાસ, જામનગર

એસ્સાર ઓઇલ લિ. (પ્રસ્તાવિત નામ નાયરા એનર્જી લિમિટેડ, મુંબઇના નેવલ ડોકડાર્યમાં આવતીકાલ તા.૩ ના ભારતીય નૌસેના દ્વારા યોજનારા આઉટ રીચ કાર્યક્રમમાં સહભાગીદાર બનશે. ભારતીય નૌસેના અંગે સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ-યુવાનોમાં જાગૃતિ આવે, તેઓને સેનામાં જોડાવા પ્રોત્સાહિત કરી શકાય એવા ઉદ્દેશ્ય સાથે મુંબઇથી લેહ સુધી યોજાનારી કાર રેલીને નૌસેના અને એસ્સાર ઓઇલ લિ. (નાયરા એનર્જી લિમિટેડ) ના ઉચ્ચ અધિકારીગણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

૩૨ દિવસના આ પ્રવાસમાં નૌસેનામાંથી ૧૨૦ જવાનો જોડાશે. અને મુંબઇથી દિલ્હી અને ત્યાંથી લેહ સુધીનું આશરે ૭ હજાર કિ.મિ.નું અંતર કાપી પરત આવશે. આ પ્રવાસ દરમ્યાન માર્ગમાં આવતા મુખ્ય શહેરોને આવરી લેવાશે. જેમાં મુંબઇ, વડોદરા, ઉદયપુર, જયપુર, નવી દિલ્હી, ચંદીગઢ, પાલ્ચન, પાત્સીઓ, કારૂ, પાંગોગ ત્સો, તંગસ્તે, લેહ, સ્પિતિ ખીણ, કાલ્પા, શિમલા, આગ્રા, શિવપુરી, મ્હોવ અને નાસિકનો સમાવેશ થાય છે.

· પ્રવાસ દરમ્યાન નૌસેનાના જવાનો આ શહેરોમાં ભારતીય નૌસેના અંગે સ્કુલ કોલેજનાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડશે. નૌસેનામાં કેરિયર બનાવવા ઇચ્છુક યુવાનો માટે ઓડિયો વિઝ્યુઅલ ફિલ્મ પ્રદર્શિત કરી જાણકારી અપાશે. પબ્લિક પ્લેટફોર્મ પર જવાનો લોકો સાથે સંવાદ કરી તેઓને નૌસેનામાં કઇ રીતે જોડી શકાય અને એ અંગે કઇ પ્રકારે કાર્યવાહી થાય છે તેની માહિતી આપતા પેમ્ફલેટ અને બ્રોશરનું વિતરણ કરાશે. આ ઉપરાંત જવાનો જે તે શહેરના સ્થાનિક લોકો, ભૂતકાળમાં યુદ્ધમાં સામેલ થયેલા બહાદુર સૈનિકો, નૌસેનાના શહિદ થયેલા જવાનોના પરિવારજનોને મળશે.